# સૂરજ એસ્ટેટ ડેવલપર્સનો આઈપીઓ સોમવારે ખૂલશે

અમદાવાદ,તા.૧૬

મુંબઇ સ્થિત રિયલ્ટર સૂરજ એસ્ટેટ ડેવલપર્સ લિ.એ દક્ષિણ મધ્ય મુંબઇ પ્રદેશમાં વ્યાપારી ક્ષેત્રોમાં રિયલ એસ્ટેટ વિકસાવી છે, અને માહિમ માટુંગા, દાદર, પ્રભાદેવી અને પરેલના બજારોમાં રહેણાંક પોર્ટફોલિયો ધરાવે છે. તેની ઈનિશિયલ પબ્લિક ઓફર માટે ઈક્વિટી દીઠ રૂા.૩૪૦થી રૂા.૩૬૦ના ભાવે પ્રાઇ, બેન્ડ નક્કી કર્યું છે. કંપનીની ઈનિશિયલ પબ્લિક ઓફર સબસ્ક્રિપ્શન માટે સોમવારે, ૧૮ ડિસે.૨૦૨૩ના રોજ ખુલશે અને બુધવાર, ૨૦ ડિસે. ૨૦૨૩ના રોજ બંધ થઇ જશે. રોકાણકારો ઓછામાં ૪૧ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૪૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકે છે.